અપીલ અરજી નં.૫૧ તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬૦ તા.૧૭–૩–૧૧ ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં તા.૧૨–૧–૧૧ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીની નોંધ નં.સી.એન/૧૪૫ તા.૩૦–૭–૨૦૦૭ હયાત ઝુંપડાનાં અલાયદી ઓળખવગેરે બાબત, સદર તા.૧૨–૧–૧૧ જે આરટીઆઈ અરજી નં.૬૬૪ નો જવાબ તા.૯–૨–૧૧ ના રોજ અત્રેથી ટપાલ ધ્વારા આપવામાં આવેલ છે એવું જવાબમાં જણાવેલ છે કે માંગેલ માહિતિની નકલ જવાબ સાથે સામેલ છે પરંતુ માંગેલ માહિતિની નકલ અરજદારને મળેલ નથી?તે કયારે આપવાના છો એની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૫૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬૦ તા.૧૭–૩–૧૧ ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં તા.૧૨–૧–૧૧ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીની નોંધ નં.સી.એન/ ૧૪૫ તા.૩૦–૭–૨૦૦૭ હયાત ઝુંપડાનાં અલાયદી ઓળખ વગેરે બાબત, સદર તા.૧૨–૧–૧૧ જે આરટીઆઈ અરજી નં.૬૬૪ નો જવાબ તા.૯–૨–૧૧ ના રોજ અત્રેથી ટપાલ ધ્વારા આપવામાં આવેલ છે એવું જવાબમાં જણાવેલ છે કે માંગેલ માહિતિની નકલ જવાબ સાથે સામેલ છે પરંતુ માંગેલ માહિતિની નકલ અરજદારને મળેલ નથી? તે કયારે આપવાના છો એની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલ તબદીલીની વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૬ તા.૯–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારનેઅપીલ અરજી સંદર્ભમાં નિર્દિષ્ટ પત્રો, મળેલ માહિતિના પત્રની નકલ સામેલ કરેલ ન હોઈ તે રજુ કરવા સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલના તેમની જાણ હેઠળ કોઈ તબદીલીની વિગતો હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૭–૬–૧૧ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારે આરટીઆઈ અરજી તથા અપીલ અરજી દફતરે કરવા અંગેની વરાછાઝોનના ફોરવર્ડીગ લેટર ઉપર અરજદારે સહી કરેલ છે તેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની આઈડી નં.૮૫૩ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામા આવેલ. જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો આરટીઆઈ સેલ/૧૭૬ તા.૯–૫–૧૧ થી માંગવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારે અરજી તથા અપીલ અરજી પરત ખેંચવાની રજુઆત કરેલ. જે અંગે અરજદાર પાસેથી અપીલ પરત ખેંચવામાં આવેલ છે કે કેમ તે અંગે સમર્થન કે બહાલી મોકલી આપવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારે તે અંગે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ પૂર વિગત પત્ર લખી તક આપવા છતાં પણ પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ વિગતોમાં તેમના આરટીઆઈ અરજી/ અપીલ અરજી પરત /દફતરે કરવા બાબતે ફોરવર્ડીગ પત્ર ઉપર અરજદારે સહી કરેલ છે અને જેની નોંધ લેવા અત્રે જણાવવામાં આવેલ છે. આથી અરજદારે અરજી પરત ખેંચી હોય અપીલનું કોઈ કારણ ઉત્પન થાય નહીં તેમજ અપીલ અરજી પણ દફતરે કરવાનું જણાવેલ અપીલ અરજી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજી પરત ખેંચી હોય તેમજ અપીલ અરજી પણ પરત ખેંચવામાં આવેલ હોઈ અપીલ અરંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ